GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

Make Safety Your Top Priority
Application for
KSB Make
Fire Fighting Pumps
❐ Industries & Factories
❐ Commercial &
Residential Buildings
❐ Hospitals, Hotels, Malls,
Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD,
OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com
41

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ પાંચમ ગુરુવાર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૦૧

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# જથ્થાબંધ ફુગાવો 11.39 ટકાની ઓલ-ટાઈમ હાઈ સપાટીએ



**દિવાળી** ટાણે જ પ્રજા પર મોંઘવારીનો માર, ખાદ્ય પદાર્થો, ઉત્પાદિત વસ્તુઓ અને ઈંધણની કિંમતોમાં એકસાથે ભારે ઉછાળો, ગૃહિણીઓનું બજેટ અસ્તવ્યસ્ત થયું

**પશ્ચિમ** એશિયામાં યુદ્ધ અને ક્રૂડ ઓઇલના આસમાને પહોંચેલા ભાવને પગલે આગામી સમયમાં પણ રાહત મળવાના એંધાણ નથી

**નવી દિલ્હી, તા. 14 (PTI):** તહેવારોની મોસમમાં દેશની જનતા માટે મોંઘવારીના મોરચેથી અત્યંત ચિંતાજનક અહેવાલ આવ્યા છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા બુધવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, સપ્ટેમ્બર મહિનામાં જથ્થાબંધ કિંમતો પર આધારિત ફુગાવો (ડબ્લ્યુપીઆઈ) ઉછળીને 11.39 ટકાની ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયો છે, જે ઓગસ્ટમાં 9.92 ટકા પર હતો.

ખાદ્ય પદાર્થો, ઉત્પાદિત વસ્તુઓ અને ઈંધણ તથા વીજળી ક્ષેત્રે એકસાથે આવેલા ભારે ઉછાળાના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. ડબ્લ્યુપીઆઈમાં ખાદ્ય ફુગાવો ઓગસ્ટના 7.05 ટકાથી વધીને 8.66 ટકા થયો છે, જેમાં અનાજ, કઠોળ, ફળો અને શાકભાજીના ભાવમાં તીવ્ર વધારો નોંધાયો છે. ઉત્પાદન ક્ષેત્રે ફુગાવો 9.76 ટકાની વિક્રમી સપાટીએ પહોંચ્યો છે, જ્યારે ઈંધણ અને વીજળી બાસ્કેટમાં ફુગાવો 25.85 ટકા થયો છે. દૈનિક કરિયાણું, કઠોળ અને શાકભાજીના અસહ્ય ભાવ વધારાથી ગૃહિણીઓનું બજેટ અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શાકભાજી અને જીવન જરૂરી સામાનના ભાવ આસમાને પહોંચતા મધ્યમ વર્ગ માટે ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. આ ઉપરાંત, ચાલુ સપ્તાહે જાહેર થયેલો છૂટક ફુગાવો પણ 5.54 ટકાના 23 મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો. અર્થશાસ્ત્રીઓ અને બાર્કલેઝ જેવી વૈશ્વિક સંસ્થાઓના મતે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં નાકાબંધીના કારણે ક્રૂડ ઓઈલ તથા ખાતરના

...અનુસંધાન પાના 11 પર

## શિક્ષણ અને નાણાં મંત્રાલયની ઈમારતો-બેંકોને આગ લગાડાઈ, પોલીસ પર પેટ્રોલ બોમ્બથી હુમલા

# હવે અલ્બેનિયામાં વિદ્યાર્થીઓ જંગે ચઢ્યા

**વડા** પ્રધાનના રાજીનામાની માગ, શિક્ષણના ઊંચા ખર્ચ, ભ્રષ્ટાચાર અને ટ્રમ્પના જમાઈના રિસોર્ટ પ્રોજેક્ટ સામે વિરોધ

**પોલીસે** ટીયર ગેસ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો, યુરોપિયન યુનિયન દ્વારા શાંતિ જાળવવા અપીલ









**તિરાના, તા. 14:** અલ્બેનિયાની રાજધાની તિરાનામાં શિક્ષણની ખરાબ સ્થિતિ, મોંઘવારી અને વડા પ્રધાન એડી રામાના રાજીનામાંની માગ સાથે હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા બાદ આંદોલન હિંસક બન્યું છે. પ્રદર્શનકારીઓએ શિક્ષણ મંત્રાલય અને નાણા મંત્રાલયની ઇમારતોને નિશાન બનાવીને આગ ચાંપી દીધી હતી તથા બે બેંકોની તોડફોડ કરી હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે વોટર કેનન અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા. આ ઉગ્ર પ્રદર્શનો માત્ર યુનિવર્સિટીની સમસ્યાઓ પૂરતા મર્યાદિત નથી, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જારેડ કુશનર સાથે જોડાયેલા દક્ષિણ કિનારાના વિવાદાસ્પદ લક્ઝરી રિસોર્ટ પ્રોજેક્ટ અને સરકાર વિરુદ્ધ વ્યાપક ભ્રષ્ટાચાર સામેનો રોષ પણ તેમાં સામેલ છે. પ્રદર્શનકારીઓએ પોલીસ પર પથ્થરમારો અને પેટ્રોલ બોમ્બ ફેંક્યા હતા, જેમાં કેટલાક પોલીસકર્મીઓ અને પ્રદર્શનકારીઓ ઘાયલ થયા છે. સરકારે હિંસાની આ ઘટનાઓની સખત નિંદા કરી છે અને નાગરિકોને શાંતિ જાળવવા અપીલ કરી છે. બીજી તરફ, યુરોપિયન યુનિયને (ઈયુ) તિરાનામાં વધતી જતી હિંસા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને તમામ પક્ષોને તણાવ ઘટાડવા તથા સંયમ રાખવા અનુરોધ કર્યો છે. અલ્બેનિયામાં ફાટી નીકળેલા આ વ્યાપક વિરોધ પ્રદર્શનોએ સરકાર સામે મોટું રાજકીય સંકટ ઊભું કર્યું છે.

## 11.40 લાખ રેલવે કર્મચારીઓને 78 દિવસનું બોનસ

**નવી દિલ્હી, તા. 14 (PTI):** કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે 11,40,770 રેલવે કર્મચારીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનની કદરરૂપે રૂ. 2009.61 કરોડના 78 દિવસના પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ (પીએલબી)ની ચુકવણીને મંજૂરી આપી દીધી છે. સરકાર દ્વારા તહેવારોની મોસમમાં લેવાયેલા આ નિર્ણયથી રેલવે કર્મચારીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. પાત્રતા ધરાવતા રેલવે કર્મચારીઓને દર વર્ષે દુર્ગા પૂજા અને દશેરાના તહેવારો પહેલાં આ બોનસ ચૂકવવામાં આવે છે. સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, 'આ વર્ષે પણ આશરે 11.40 લાખ નોન-ગેઝેટેડ રેલવે કર્મચારીઓને 78 દિવસના વેતન સમાન બોનસ ચૂકવવામાં આવી રહ્યું છે. આ પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસની ચુકવણી રેલવેના પ્રદર્શનમાં વધુ સુધારો લાવવા માટે કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાનું કામ કરે છે.' તંત્રના જણાવ્યા અનુસાર, પ્રતિ પાત્ર રેલવે કર્મચારીને 78 દિવસ માટે મહત્તમ રૂ. 17,951ની રકમ મળવાપાત્ર થશે. આ બોનસનો લાભ રેલવેના વિવિધ વર્ગના કર્મચારીઓ જેવા કે ટ્રેક મેઈન્ટેનર્સ, લોકો પાયલટ્સ, ટ્રેન મેનેજર્સ (ગાર્ડ્સ), સ્ટેશન માસ્ટર્સ, સુપરવાઈઝર્સ, ટેકનિશિયન્સ, ટેકનિશિયન હેલ્પર્સ, પોઈન્ટ્સમેન, મિનિસ્ટ્રિયલ સ્ટાફ અને અન્ય ગ્રુપ 'સી'ના સ્ટાફને

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી

### જંતર મંતર વિરોધ પ્રદર્શન સ્થળ તરીકે રદ

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ઐતિહાસિક જંતર મંતરને વિરોધ પ્રદર્શન સ્થળ તરીકે રદ (ડીનોટિફાય) કરી તેના વિકલ્પ તરીકે રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડ નક્કી કરાતાં રાજકીય પક્ષો અને વેપારી વર્ગમાં અલગ-અલગ પ્રકારના પ્રત્યાઘાતો પડ્યા છે. વિપક્ષના નેતા ગાંધીએ મંગળવારે સાંજે જાહેરાત કરી કે, આ નિર્ણય ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની લોકશાહી વિરોધ અને ટીકાને દબાવવાની દાનત દર્શાવે છે. કોકરોચ જનતા પાર્ટી (સીજેપી), જેણે જંતર મંતરને એક અલગ જ અંદાજમાં ચર્ચામાં લાવ્યું હતું, તેણે લાગણી વ્યક્ત કરી કે ડીનોટિફિકેશન તેમને ત્યાં વિરોધ પ્રદર્શન કરવાથી રોકવાનો પ્રયાસ છે. સીજેપીએ સોમવારે આ સ્થળે નવું પ્રદર્શન કરવા માટે તાજી અરજી કરી જ હતી અને ત્યાં જ આ ડીનોટિફિકેશનનો ઓર્ડર આવી ગયો. બીજી તરફ, સમગ્ર દેશમાંથી ખરીદદારોને આકર્ષતા દેશના ઐતિહાસિક બજાર

...અનુસંધાન પાના 11 પર

## દેશના બેંકિંગ ઇતિહાસનું સૌથી મોટું વિદેશી રોકાણ

# કૅનેડિયન 'ફેરફેક્સ' રૂ. 53,000 કરોડમાં ખરીદશે IDBI બેંકનો 60.72% હિસ્સો

**કેબિનેટ** કમિટીએ મંજૂરી આપી; સરકાર અને એલઆઈસી પોતાનો હિસ્સો વેચશે

**એર** ઇન્ડિયા પછી બીજું મોટું ખાનગીકરણ: IDBI બેંક હવે કેનેડિયન અબજોપતિ પ્રેમ વત્સાના હાથમાં

**આઈડીબીઆઈ** બેંકના શેરમાં 9.07 ટકાનો વધારો થયો

**નવી દિલ્હી, તા. 14 (PTI):** કેનેડાની 'ફેરફેક્સ ફાઈનાન્શિયલ હોલ્ડિંગ્સ' 5.5 અબજ ડોલર (અંદાજે રૂ. 53,000 કરોડ)માં આઈડીબીઆઈ બેંકમાં 60.72 ટકા હિસ્સો સંપાદિત કરશે. ભારતીય બેંકિંગ ક્ષેત્રમાં આ અત્યાર સુધીનું સૌથી મોટું વિદેશી રોકાણ છે અને દેશના સરકારી બેંકોના ખાનગીકરણ તરફનું એક મહત્વપૂર્ણ કદમ છે. આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ (સીસીઈએ) ફેરફેક્સની પેટાકંપનીને વ્યૂહાત્મક ખરીદદાર તરીકે મંજૂરી આપી છે, જેમાં સરકારનો 30.48 ટકા હિસ્સો (રૂ. 26,620 કરોડ) અને ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી)નો 30.24 ટકા હિસ્સો (રૂ. 26,440 કરોડ) સામેલ છે. કેનેડિયન અબજોપતિ પ્રેમ વત્સાની આગેવાની હેઠળની ફેરફેક્સ કંપની પ્રતિ શેર રૂ. 81 ચુકવશે, જે રૂ.

...અનુસંધાન પાના 11 પર

### 8 વર્ષમાં પહેલીવાર સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટનો બજેટ લક્ષ્યાંક વટાવશે

**નવી દિલ્હી.** ચાલુ નાણાકીય વર્ષ 2026-27 (નાણાકીય વર્ષ 27)માં ભારત સરકારની ડિસઇન્વેસ્ટમેન્ટ અને એસેટ મોનેટાઇઝેશનમાંથી થનારી આવક તેના વાર્ષિક બજેટ લક્ષ્યાંકને વટાવી જવાની આશા છે. 2018-19 પછી એટલે કે છેલ્લા 8 વર્ષમાં આ પ્રથમ ઘટના હશે જ્યારે સરકારી હિસ્સાના વેચાણની આવક બજેટમાં નક્કી કરાયેલા લક્ષ્યાંક કરતાં વધુ રહેશે. આ સફળતામાં આઇડીબીઆઇ બેંકના રૂ. 52,878 કરોડથી વધુના વ્યૂહાત્મક હિસ્સાના વેચાણની મુખ્ય ભૂમિકા રહેશે.સરકારે સમગ્ર નાણાકીય વર્ષ માટે ડિસઇન્વેસ્ટમેન્ટ

...અનુસંધાન પાના 11 પર

### નાણાકીય ક્ષેત્રના મોટા સોદાઓની એક ઝલક

**નવી દિલ્હી.** ભારતમાં છેલ્લાં બે વર્ષમાં નાણાકીય ક્ષેત્રના અનેક મોટા સોદાઓ જોવા મળ્યા છે, જેના લીધે મોટા પ્રમાણમાં વિદેશી મૂડી આવી છે. આ સમયગાળા દરમિયાન જાહેર કરાયેલા કેટલાક મુખ્ય સોદાઓ નીચે મુજબ છે:

**ફેરફેક્સ - આઈડીબીઆઈ બેંક:** કેનેડિયન અબજોપતિ પ્રેમ વત્સા દ્વારા પ્રમોટ કરાયેલી ફેરફેક્સ ફાઇનાન્શિયલ હોલ્ડિંગ્સે આઇડીબીઆઇ બેંકમાં રૂ. 52,878 કરોડમાં 60.72 ટકા હિસ્સો ખરીદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ભારતના નાણાકીય ક્ષેત્રમાં અત્યાર સુધીનું

...અનુસંધાન પાના 11 પર

# બ્રિટિશ યુનિવર્સિટીઓ વિદેશી વિદ્યાર્થીઓની પ્રવેશ ઓફરો પાછી ખેંચી રહી છે

**યુકેમાં** સ્ટડી વિઝા નકારવાના કડક નિયમોના કારણે યુનિવર્સિટીઓ સાવચેતીના પગલાં લઈ રહી છે

**પાકિસ્તાન,** નાઈજીરીયા અને ભારત સહિતના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પ્રભાવિત

**લંડન, તા. 14 (PTI):** બ્રિટિશ હોમ ઓફિસ દ્વારા સ્ટડી વિઝા પર મૂકવામાં આવેલા કડક નિયમો અને વિઝા અસ્વીકારના વધતા જોખમને કારણે ભારતીયો સહિતના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર મોટી અસર પડી રહી છે, કારણ કે બ્રિટિશ યુનિવર્સિટીઓ હવે કોર્સ માટે આપેલી ઓફરો પાછી ખેંચી રહી છે. 'ફાઈનાન્સિયલ ટાઈમ્સ' નામના અખબારે સત્તાવાર આંકડાઓનું વિશ્લેષણ કરીને આ ખુલાસો કર્યો છે. હોમ ઓફિસના નિયમો અનુસાર, જે શૈક્ષણિક સંસ્થાઓના 5 ટકા કરતા વધુ સંભવિત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ નકારવામાં આવે છે, તે સંસ્થાઓને વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પર પ્રતિબંધ લાગવાનું જોખમ રહેલું છે. અગાઉની 10 ટકાની મર્યાદાને વધુ કડક બનાવવા પાછળ યુકે સરકારનો હેતુ એ છે કે પાકિસ્તાનીઓ અને નાઈજીરીયાના નાગરિકો સહિત અમુક દેશોના લોકો સ્ટડી વિઝાના રસ્તાનો દુરુપયોગ કરી રહ્યા છે, જેને રોકી શકાય.

યુનિવર્સિટીઝ યુકે ઈન્ટરનેશનલના ડિરેક્ટર જેમી એરોસ્મિથે જણાવ્યું હતું કે વિઝા પ્રક્રિયા અસંગત અને અસંદિગ્ધ બની ગઈ છે, જેના કારણે યુનિવર્સિટીઓએ મોટા પાયે ઓફરો પાછી ખેંચવી પડી રહી છે.

અખબારના અહેવાલ મુજબ, આ વર્ષના પ્રથમ છ મહિનામાં યુકેની સ્ટડી વિઝા અરજીઓ પાછી ખેંચાવાનું પ્રમાણ વધીને 10.5 ટકા થઈ ગયું છે, જે ગત વર્ષની સમાન અવધિમાં 2.3 ટકા હતું. પાકિસ્તાનથી આવતા વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ પાછી ખેંચાવાનું પ્રમાણ 40.9 ટકા સુધી પહોંચી ગયું છે જે ગયા વર્ષે 3 ટકા હતું, જ્યારે ભારતનું પ્રમાણ 1.2 ટકાથી વધીને 5.2 ટકા થયું છે. યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એંગ્લિયાના ડેપ્યુટી વાઈસ-ચાન્સેલર સ્ટીવન મેકગ્વાયરે જણાવ્યું કે આ નીતિના કારણે યુનિવર્સિટીઓ ચીન અને ભારત પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકે છે, જ્યાં વિઝા રદ થવાનો દર ઓછો છે. બીજી તરફ, હોમ ઓફિસે જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ યોગદાન આપે છે પરંતુ ઈમિગ્રેશન સિસ્ટમની અખંડિતતા જાળવવી પણ એટલી જ જરૂરી છે.

### તા. ૧૪-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૧૯૮૩ મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૩૫.૯૯ ફૂટ | ૬૩૫૯ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૭.૫ સે. | ૨૫.૧ સે. | ૪૮% |

## ભારત ચીન સાથેના સંબંધો સુધારવા માટે કામ કરી રહ્યું છે: પિયુષ ગોયલ

# ફરી હિન્દી-ચીની ભાઈભાઈ!

**યોગ્ય** સોદો મળે તો કોઈપણ દેશ સાથે સંયુક્ત સાહસ માટે તૈયાર

**ચીન** ભારતનું બીજું સૌથી મોટું વેપારી ભાગીદાર હોવા છતાં વધી રહેલી વેપારી ખાધ ભારત માટે ચિંતાનો વિષય

**નવી દિલ્હી, તા. 14 (PTI):** કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે બુધવારે જણાવ્યું હતું કે ભારત ચીન સાથેના પોતાના સંબંધોને ફરીથી પાટા પર લાવવા અને સુધારવા માટે કામ કરી રહ્યું છે, જો કે આ દિશામાં હજુ ઘણું કરવાનું બાકી છે. તેમણે એમ પણ સ્પષ્ટ કર્યું કે જો યોગ્ય વેપારી શરતો મળતી હોય, તો ભારત કોઈપણ દેશ સાથે સંયુક્ત સાહસ (જેવી) કરવા માટે ખુલ્લા મનથી તૈયાર છે. બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં સંબોધન કરતા ગોયલે કહ્યું હતું કે, 'જ્યાં સુધી આપણને વ્યાજબી સોદો મળે, જોડાણમાં સાત્યતા જળવાઈ રહે અને ભૂ-રાજકીય પરિસ્થિતિ બગડે નહીં, ત્યાં સુધી આપણે દુનિયાના તમામ દેશો સાથે કામ કરવા તૈયાર છીએ. ભૂતકાળમાં આપણને કેટલાક મુદ્દે ચિંતાઓ હતી, અને હવે આપણે ચીન સાથે સંબંધો વિકસાવવા માટે ફરીથી પ્રયાસ કરી રહ્યા છીએ.'

ઉલ્લેખનીય છે કે વર્ષ 2020માં ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ બાદ બંને દેશોના સંબંધોમાં ભારે તણાવ આવ્યો હતો, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓમાં સંબંધો સુધારવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. ગત સપ્ટેમ્બરમાં

...અનુસંધાન પાના 11 પર

# હુથીઓનો તેલ કંપની સાઉદી અરામકોના મુખ્ય મથક પર મિસાઈલ હુમલો

**રિયાધ** સહિત અનેક શહેરો પર મિસાઇલ અને ડ્રોન હુમલા

**ટ્રમ્પ** પણ સાઉદી અરેબિયાની મદદમાં સીધા જોડાવા અંગે વિચારણા કરી રહ્યા છે

**સાઉદી** અરેબિયામાંથી ઉપડતી 3000થી વધુ ફ્લાઇટ્સ રદ કરવી પડી

**સાઉદી** માટે હુથીઓના દરેક મિસાઈલ કે ડ્રોનને રોકવું અશક્ય બની રહ્યું છે

**કેરો, તા. 14 (AP):** ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયાની અગ્રણી તેલ કંપની 'સાઉદી અરામકો'ના ધાહરાન સ્થિત મુખ્ય મથક પર મોડી રાત્રે ભયાનક બેલિસ્ટિક મિસાઈલ હુમલો કર્યો હતો. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ)ના કાર્યાલય સહિત ટોચના અધિકારીઓ દ્વારા વપરાતા બિલ્ડિંગના ઉપરના ત્રણ માળને ભારે નુકસાન પહોંચ્યું છે. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. સાઉદી અરેબિયા અને ઈરાન સમર્થિત હુથીઓ વચ્ચે

...અનુસંધાન પાના 11 પર

### હોર્મુઝની સામુદ્રધુનીમાં માઇન સાથે અથડાવાથી જહાજ ડૂબી ગયું

**દુબઈ.** ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ નૌકાદળે જણાવ્યું છે કે, હોર્મુઝની સામુદ્રધુનીમાં નૌકાદળની એક માઇન સાથે અથડાયા બાદ એક માલવાહક જહાજ ડૂબી ગયું છે. યુદ્ધ દરમિયાન માઇન સાથે અથડાયા

...અનુસંધાન પાના 11 પર